# ગુજરાત યુનિવર્સીટી અમદાવાદનો
# સને-૨૦૦૪-૦૫ ના વર્ષો નો જનરલ
# પ્રો.ફંડનો અન્વેષણ અહેવાલ


GUJARAT UNIVERSITY
Inward No. 380
- 3 JAN 2012
File ..........


પ્રતિ,
કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી
નવરંગપુરા
અમદાવાદ

# ગુજરાત યુનિવર્સીટી અમદાવાદનો સને-૨૦૦૪-૦૫નો જનરલ પો.ફંડ ના અન્વેષણ અહેવાલ


| ક્રમ | ફકરાની વિગત | ફકરા નંબર | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૧ | સંસ્થાના હોદેદારોની વિગત | ૧ |
| ૨ | ૨ | પુર્વ અન્વેષણ ના અહેવાલ ના ફકરાની વિગત | ૨ |
| ૩ | ૩ | શ્રી ડી.આ.પટેલ ને સી.પીસએફ.એકાઉન્ટમાંથી જી.પી.એફમાં તબદીલ કરવા બાબત. | ૪ |
| ૪ | ૪ | સામાન્ય ભવિષ્યનિધીના ફાળાની કપાતની રકમો ટ્રેજરી ખાતેના પી.એલ.એ.મા વિલંબથી જમા કરાવવા બાબતે. | ૭ |
| ૫ | ૫ | મળવાપાત્ર વ્યાજ કરતા સરકારશ્રીમાંથી વધુ વ્યાજ મળવા બાબતે. | ૯ |
| ૬ | ૬ | જી.પી.એફ.ના નોમિનેશન મા જણાયેલ અનિયમિતતા બાબતે. | ૧૦ |
| ૭ | ૭ | જી.પી.એફ. તથા સી.પી.એફ.ના બંધ ખતાઓ ની સિલક આગળ ખેચવા બાબત. | ૧૨ |
| ૮ | ૮ | જી.પી.એફ.લેજર તથા બ્રોડ શીટમાં બંધ સિલક અલગ હોવા બાબત. | ૧૫ |
| ૯ | ૯ | સામાન્ય ભવિષ્યનિધી ખતાની રકમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં જમા રાખવા બાબત. | ૧૬ |
| ૧૦ | ૧૦ | કર્મચારીના અલગ નામે જી.પી.એફ.લોનનો ચેક ઈસ્યુ કરવા બાબત. | ૧૭ |
| ૧૧ | ૧૧ | લેજર અને બ્રોડ શીટ નિભાવાવા માં અનિયનિતા બાબત. | ૧૮ |
| ૧૨ | ૧૨ | કેશબુક તથા ટ્રેઝરી પાસબુકની જી. પી. એફ. સિલકના તફાવત બાબત. | ૧૯ |
| ૧૩ | ૧૩ થી ૧૬ | પ્રમાણ પત્રો | ૨૦ |
| ૧૪ | | પત્રકો | |

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદનો સને-૨૦૦૪-૦૫ ના વર્ષો નો જનરલ પ્રો.ફંડનો અન્વેષણ અહેવાલ

---

ક્રમાંકઃ-એએમડી/ટે-૧/ગુ.યુનિ/જી.પી.એફ/૨૦૦૪-૦૫/ ૯૨૭૮

જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી
સ્થાનિક ભંડોળ હિસાબ
અમદાવાદ.
તા.૧૦/ ૧૨/ ૨૦૧૦

પ્રેષકઃ-
નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ
વિમા અને લેખા ભવન,
ડો.જીવરાજ મહેતા ભવન,
સેકટર-૧૦/બી,ગાધીનગર.

પ્રતિ,
કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સીટી
અમદાવાદ.

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ ના સને ૨૦૦૪-૦૫ ના વર્ષના સમાન્ય ભવિષ્યનિધીના હિસાબોનું અન્વેષણ ૪૯(૧) તા. ૩૧/૮/૨૦૦૯ થી તા. ૨૫/૧/૨૦૧૦ દરમ્યાન હાથ ધરાયેલ અને પુર્ણ કરેલ છે.

અન્વેષણ વર્ષ દરમ્યાન યુનિવર્સીટીના મુખ્ય હોદેદારો નિચે પ્રમાણે રહ્યા હતા.

| ક્રમ | હોદો | નામ | મુદત |
|---|---|---|---|
| ૧ | કુલપતિશ્રી | શ્રી એ.યુ.પટેલ | તા.૧/૪/૨૦૦૪થી ૩૧/૩/૨૦૦૫ |
| ૨ | કુલ સચિવશ્રી | શ્રી એમ.એસ.શાહ | તા.૧/૪/૨૦૦૪થી ૩૧/૩/૨૦૦૫ |

ફકરા નં.૨

પુર્વ અન્વેષણ બાકી ફકરાની વિગત.

---

અગાઉના વર્ષોમાં અન્વેષણ અહેવાલ ના બાકી ફકરા ઓની સ્થિતી નિચે પ્રમાણે રહેવા પામેલ છે.

| ક્રમ | ઓડિટ વર્ષ | વર્ષની શરૂઆતના બાકી ફકરા | ચાલુ ઓડિટ દરમ્યાન નિકાલ કરેલ ફકરા | વર્ષના અંતે બાકી ફકરા | ફકરાની વિગત. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧૯૭૯-૮૦ | ૨ | - | ૨ | ૫,૭ |
| ૨ | ૧૯૮૦-૮૦ | ૧ | - | ૧ | ૧ |
| ૩ | ૧૯૮૧-૮૨ | ૩ | - | ૩ | ૨,૪ અને ૬ |
| ૪ | ૧૯૮૨-૮૩ | ૧૦ | - | ૧૦ | ૧, ૧૦ |
| ૫ | ૧૯૮૩-૮૪ | ૭ | - | ૭ | ૧ ,૫,૯,૧૦ |
| ૬ | ૧૯૮૪-૮૫ | ૧૧ | - | ૧૧ | ૧,૬,૯,૧૧,૧૨,૧૩, ૧૪, |
| ૭ | ૧૯૮૫-૮૬ | ૧૧ | - | ૧૧ | ૧ ,૩, ૫ ,૭,૯,૧૧, ૧૪ |
| ૮ | ૧૯૮૬-૮૭ | ૨ | - | ૨ | ૪ , ૬ |
| ૯ | ૧૯૮૭-૮૮ | ૧ | - | ૧ | ૬ |
| ૧૦ | ૧૯૮૮-૮૯ | ૧૨ | - | ૧૨ | ૧,૧૨ |
| ૧૧ | ૧૯૮૯-૯૦ | ૧૦ | - | ૧૦ | ૧ , ૧૦ |
| ૧૨ | ૧૯૯૦-૯૧ | ૧૭ | - | ૧૭ | ૧ , ૧૭ |
| ૧૩ | ૧૯૯૧-૯૨ | ૧૪ | - | ૧૪ | ૧ , ૧૪ |
| ૧૪ | ૧૯૯૨-૯૩ | ૮ | - | ૮ | ૩ ,૧૦ |
| ૧૫ | ૧૯૯૩-૯૪ | ૯ | - | ૯ | ૧ , ૯ |
| ૧૬ | ૧૯૯૪-૯૫ | ૧૨ | - | ૧૨ | ૧ , ૧૨ |
| ૧૭ | ૧૯૯૫-૯૬ | ૧૩ | - | ૧૩ | ૧ , ૧૩ |
| ૧૮ | ૧૯૯૬-૯૭ | ૯ | - | ૯ | ૧ ,૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯ | ૧૯૯૭-૯૮ | ૧૪ | - | ૧૪ | ૧ , ૧૪ |
| ૨૦ | ૧૯૯૮-૯૯ | ૧૨ | - | ૧૨ | ૧ , ૧૪ |
| ૨૧ | ૧૯૯૯-૨૦૦૦ | ૧૪ | - | ૧૪ | ૧ , ૧૪ |
| ૨૨ | ૨૦૦૦-૦૧ | ૧૬ | - | ૧૬ | ૧ ,૧૬ |
| ૨૩ | ૨૦૦૧-૦૨ | ૧૪ | - | ૧૪ | ૧,૧૪ |
| ૨૪ | ૨૦૦૨-૦૩ | ૧૨ | - | ૧૨ | ૧ થી ૧૨ |
| ૨૫ | ૨૦૦૩-૦૪ | ૧૧ | - | ૧૧ | ૧ થી ૧૧ |
| | કુલ | ૩૪૫ | - | ૩૪૫ | |

આમ ઉપરની વિગતો જોતા ઓડિટ દરમ્યાન અગાઉ ના વર્ષોમાં કોઈ ફકરાઓ ના નિકાલ અને કોઈ જવાબો રજુ કરવામાં આવેલ ન હતા. તેમજ અગાઉના વર્ષોનો રેકર્ડ જોતા જે તે અડિટ દરમ્યાન જવાબો કરવાની કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવે નથી જે ઘણી ગંભીર બાબત ગણાય તો આ બાબતે યુનિવર્સીટી ધ્વારા સત્વરે જવાબો અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરાય તેવો ઓડિટનો અનુરોધ છે.

સને-૨૦૦૪-૦૫ ના અન્વેષણ ના અંતે ઉપર જણાવેલ વિગતે કુલ ૨૨૨ ફકરાઓ નો નિકાલ કરવાનો બાકીમાં છે તો આ ફકરા ઓના સત્વરે જવાબો કરી ઓડિટરને મોકલી આપવા વિનંતી છે.

ફકરા નં. 3
શ્રી ડી.આર.પટેલ ને સી.પી.એફ.એકાઉન્ટ માંથી જી.પી.એફ માં તબદીલ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી સને, ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન આ સંસ્થાના સી.પી.એફ.હિસાબોની ચકાસણી કરતા બી.કે.સ્કુલ ટીચીંગ વિભાગમાં ફરજ બજાવતા એમ્પ્લોઈ નંબર-૬૨૨ શ્રી ડી.આર.પટેલ ટીચીંગ સ્ટાફ તરીકે સેવા બજાવતા હતા અને તેમના ૨૦૦૪-૦૫ ના હિસાબમાં તેઓ તા,૩૧/૭/૨૦૦૪ સુધી સી.પી.એફ. ખાતે હતા.જયારે તા,૧/૮/૨૦૦૪ થી જી.પી.એફ. હિસાબામાં તેમનું ખાતુ તબદીલ કરેલ છે જે બાબતે નિચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) શ્રી ડી.આર પટેલ .બી.કે સ્કુલ માં ટીચીંગ સ્ટાફ તરીકે ફરજ બજાવાતા હતા.તેમનો સી.પી.એ. એકાઉન્ટ હતો જેથી તેઓની પેન્શન પાત્ર નોકરી નહતી જયારે તેમને તા,૧/૮/૦૪ તેમની સી.પી.એફ.ની સિલક જી. પી. એફ. સદરે તબદીલ કરવામાં આવેલ છે. તો આ કાર્યવાહી કરવા માટે સ્પષ્ટતા આધાર સહ કરવા વિનંતી છે.

(૨)શ્રી પટેલનો સી.પી.એફનો કર્મચારીનો ફાળો તા, ૩૧/૦૭/૦૪ની અંતિત પરિસ્થિતી એ.ઉ.સિ. રૂ. ૬૬૫૧૧૭/- + ૦૪/૦૪ થી ૦૬/૦૪ સુધી સી.પી.એફ. ફાળો દરમાસે રૂ.૧૫૨૫/- પ્રમાણે ૩૧/૦૭/૦૪ સુધી રૂ.૬૧૦૦/- ગણેલ છે. પરંતુ આ નાણાંકીય વર્ષમાં માહે ૩/૦૪ થી ૭/૦૪ સુધી રૂ.૧૫૨૫/- પ્રમાણે રૂ. ૭૬૨૫/- થવો જોઈએ તો રૂ.૬૧૦૦/- જમા લેવા બાબતે સ્પષ્ટતા થવ ઘટે.

(૩)શ્રી પટેલને બી.કે સ્કુલ ઓફ કોમર્સ ટીચીંગ સ્ટાફમાંથી નોન ટીચીંગ સ્ટાફમાં તબદીલ કરતા તેમના ખાતેનો યુનિવર્સીટીનો સી.પી.એફ. ફાળાની રકમ રૂ. ૩૨૩૬૨૬/- જે સને-૨૦૦૩-૦૪ની બંધ સિલક સરકારશ્રીમાં ૦૦૭૧ પેન્શન કોન્ટ્રીબીશન સદરે જમા

કરાવેલ છે. જે શ્રી પટેલના ટીચીંગ સમયમાં કર્મચારીનો ફાળો કપાત કરી જી.પી.ફંડ માં જમા કરવામાં આવે તો શ્રી પટેલના સી.પી.એફ એકાઉન્ટમાં સંસ્થાનો ફાળો માહે-૩/૨૦૦૪ થી ૭/૦૪ સુધી નો જમા કરવા પાત્ર થાય તો આ રકમ જમા ન લેવા બાબતે સ્પષ્ટતા કરવી તથા શ્રી પટેલ ના ખાતેના સી.પી.એફ. એકાઉન્ટના સંસ્થાના ફાળા ની ઉ.સિલક રૂ.૩૨૩૬૨૬/- જે ૪/૦૪ થી ૭/૦૪ સુધી નું વ્યાજ ન ગણવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(૪) આમ ઉપરોકત પેટા ફકરા-૩ માં જણાવ્યા મુજબ શ્રી પટેલના ખાતેના સી.પી.એફ.હિસાબ માં સંસ્થાનો ફાળો રૂ. ૭૬૨૫/- તથા આ હિસાબની રકમ સરકારશ્રીમાં જમા કરાવ્યા સુધીના વ્યાજની રકમ ગણી તે રકમ ઓડિટ સમક્ષ અધિકૃત કરાવી સંસ્થાનો ફાળો તથા વ્યાજ મળી કુલ રકમ સરકારશ્રીમાં ૦૦૭૧ પેન્શન કોન્ટ્રબીશન સદરે જમા કરાવી ઓડિટને આધાર સહ ખાત્રી કરાવવા વિનંતિ છે.

(૫) શ્રી પટેલના કિસ્સામાં તેઓ ટીચીંગ સ્ટાફમાં હતા તેમનો સી.પી.એફ. એકાઉન્ટ હતો જેથી તેઓ પેન્શન પાત્ર ન હતા તેમ છતા તેમના નિવૃતિની તા,૩૧/૧૦/૦૪ હોવા છતા તેમને સી.પી.એફ એકાઉન્ટ માંથી તબદીલ કરી જી.પી.એફ એકાઉન્ટ માં લઈ જઈ ત્રણમાસના ટુંકા સમયમાં તેમને પેન્શનનો લાભ કેવા કારણો તથા કયાં આધારોથી આપવામાં આવેલ છે જે થયેલ કાર્યવાહી સહ ઓડિટમાં રજૂ કરવા વિનંતી છે.

(૬)શ્રી પટેલ ના સી.પી.એફ ફાળાની રકમ રૂ. ૬૭૧૨૧૭/- ( રૂ. ૬૬૫૧૧૭/- ઉ.સિ.+ ૬૧૦૦/-( ૧૫૨૫ × ૪ =૬૧૦૦ સી.પી.એફ. ફાળો) મળી કુલ રૂ. ૬૭૧૨૧૭/- શ્રી પટેલના જી.પી.એફ બ્રોડશીટ માં માહે- ૮/૦૪ માં જમા લેવામાં આવેલ છે જયારે તેમાં તેમના સી.પી.એફ. સમયગાળાનું વ્યાજ રૂ૦૧૭૮૩૮/- ઉઘડતી સિલક માં સમાવેશ ન કરતા આ રકમ વર્ષાન્તેના તેમના વ્યાજના કોલમમાં દર્શાવેલ છે. જે નિયમ વિરૂધ્ધ

ગણાય આમ શ્રી પટેલને તે રૂ.૧૭૮૩૮/- ઉપર ત્રણ માસનું વ્યાજ ચુકવવામાં આવેલ નથી.

(૭) શ્રી પટેલના જી.પી.એફ. હિસાબમાં તેમની માહે-૮/૦૪ માં જમા કરેલ સી.પી.એફ ની વ્યાજ વગરની સિલક રૂ.૬૭૨૧૭/- તથા જુલાઈ-૦૪ થી સપ્ટેમ્બર-૦૪ સુધી માસિક રૂ. ૧૮૩૦/- લેખે કુલ રૂ. ૫૪૯૦/- ઉપર ૩૧/૧૦/૦૪ અંતિત વ્યાજ રૂ.૧૮૦૦૯ ગણવામાં આવેલ.તે બાબતે ગણત્રી સાથે સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા.વાંધા નં.૧૧૩ તા,૧૬/૧૨/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી.

**ફકરા નં. ૪**

સામાન્ય ભવિષ્યનિધિના ફાળા ની કપાતની રકમો ટ્રેઝરી ખાતે પી.એલ.એ. માં વિલંબથી જમા કરાવવા બાબત :

---

ગુજરાત યુનિવર્સીટી અમદાવાના સને- ૨૦૦૪-૦૫ ના વર્ષ અન્વેષણ દરમ્યાન સામાન્ય ભવિષ્યનિધિના હિસાબોની ચકાસણી કરતા કર્મચારીના જી.પી.એફ. ફાળાની કપાતની રકમ દર માસની ૧૦ ની તારીખ પહેલા ટ્રેઝરીમાં પી.એલ.એ. સદર ૮૩૩૬ સીવીલ ડિપોઝીટ પી.એફ માં જમાં કરાવવાની હોય છે. તેમ છતા પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ વિગતે કપાત કરેલ રકમ ૧૦ તારીખ પછી વિલંબથી ટ્રેઝરીમાં પી.એલ.એ માં જમા કરાવવામાં આવેલ છે અને તેના કારણે સંબંધિત કર્મચારીઓને રૂ. ૩૦૮૮/- નું નુકશાન થવા પામેલ છે સરકારશ્રીના નાણાં વિભાગના તા,૧૧/૨/૯૬ ના ઠરાવની જોગવાઈ મુજબ વ્યાજના નુકશાનની રકમ સંસ્થાએ સ્વભંડોળમાંથી કરવાનો રહે છે. સરકારી સદરે ખર્ચ પાડેલ હોયતો આ રકમ રૂ.૩૦૮૮/- સરકારશ્રીમાં જમા કરાવી તેના આધાર સહ ઓડિટને ખાત્રી કરાવવી.

અગાઉના ઓડિટ વર્ષોમાં સદરહું વાંધા બાબતે આપનું ધ્યાન દોરવામાં આવેલ છે તો હવે કર્મચારીના જી.પી.એફ. ફાળાની રકમ સમયસર દર માસની તારીખ ૧૦ પહેલા ટ્રેઝરીમાં પી.એલ.એ. ખાતામાં જમા કરાવવા અંગે ઓડિટનુ સુચન છે.

પ્રા.વાંધા નં. ૧૪૭ તા.૮/૦૧/૧૦ નો જવબ સંસ્થાએ કરેલ નથી તો આ વિલંબથી ફાળો સરકારમાં જમા કરાવવાથી કર્મચારીને નુકશાન થયેલ વ્યાજ રૂ. ૩૦૮૮/- બાબતે વિગતવાર સ્પષ્ટતા કરી રેકર્ડ આધારીત પૂર્તતા કરવી.

## પરિશિષ્ટ-૧ ફકરા નં-૪

| અ.નં | માસ | ટ્રેઝરીમાં ૧૦ તારીખ પછી જમા કરાવેલ રકમ | | મોડા જમા કરાવેલ રકમ ના દિવસો | વ્યાજ વસુલાતની રકમ |
|---|---|---|---|---|---|
| | | તારીખ | રકમ | | |
| ૧ | એપ્રિલ-૦૪ | ૧૩/૦૪/૦૪ | ૯,૦૧,૨૮૩.00 | 3 | ૬૦૧.00 |
| | | ૨૨/૦૪/૦૪ | ૧૩,૧૬૮.00 | ૧૨ | ૩૫.00 |
| ૨ | મે-૦૪ | ૧૨/૦૫/૦૪ | ૯,૦૨,૭૯૮.00 | ૨ | ૩૮૮.00 |
| | | ૨૦/૦૫/૦૪ | ૨૦,૩૪૮.00 | ૧૦ | ૪૪.00 |
| ૩ | જૂન-૦૪ | ૧૫/૦૬/૦૪ | ૮,૮૬,૮૮૧.00 | ૫ | ૯૮૫.00 |
| | | ૧૬/૦૬/૦૪ | ૧૫,૬૭૫.00 | ૬ | ૨૧.00 |
| ૪ | જુલાઇ-૦૪ | ૨૦/૦૭/૦૪ | ૧૪,૯૪૨.00 | ૧૦ | ૩૨.00 |
| | | - | - | - | - |
| ૫ | ઓગષ્ટ-૦૪ | ૧૧/૦૮/૦૪ | ૧૪,૦૯૪.00 | ૧ | 3.00 |
| | | - | - | - | ૬૨૦.00 |
| ૬ | સપ્ટે-૦૪ | ૧૩/૦૯/૦૪ | ૯,30,૬૮૭.00 | 3 | ૬૨૦.00 |
| | | ૨૦/૦૯/૦૪ | ૧૪,૭૦૭.00 | ૧૦ | 33.00 |
| ૭ | ઓકટો-૦૪ | ૧૪/૧૦/૦૪ | ૧૪,૭૧૫ | ૪ | ૧૩.00 |
| | | - | - | - | - |
| ૮ | નવે-૦૪ | ૧૧/૧૧/૦૪ | ૯,૪૫,૧૭૭.00 | ૧ | ૨૧૦.00 |
| | | - | - | - | - |
| ૯ | જાન્યુ-૦૫ | ૧૭/૦૧/૦૫ | ૧૪,૭૬૪.00 | ૭ | ૨૨.00 |
| | | - | - | - | - |
| ૧૦ | માર્ચ-૦૫ | ૧૪/03/૦૫ | ૧૬,૩૭૪ | ૪ | ૧૪.00 |
| | | ૩૧/03/૦૫ | ૧૪,૭૬૪.00 | ૨૧ | ૬૭.00 |
| કુલ રકમ રૂ. | | | | | ૩૦૮૮.00 |

**ફકરા નં. ૫**

મળવાપાત્ર વ્યાજ કરતા સરકારશ્રીમાંથી વધુ વ્યાજ મળવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને- ૨૦૦૪-૦૫ ના વર્ષ અન્વેષણ દરમ્યાન આ સંસ્થાના જી.પી.એફ / સી.પી.એફ. ના હિસાબોની ચકાસણી કરતા આ સંસ્થાના જી.પી.એફ / સી.પી.એફ. લેજરમાં નીચે મુજબ નું વ્યાજ કર્મચારી ઓના જી.પી.એફ / સી.પી.એફ. ના હિસાબો માં જમા લેવામાં આવેલછે.

| | | |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ જી.પી.એફ લેજરનું વ્યાજ | | રૂ. ૪૮૦૪૪૬૬/- |
| ૨૦૦૩-૦૪ સી.પી.એફ.કર્મચારી ફાળા નું વ્યાજ | | રૂ. ૨૨૫૮૯૭૧/- |
| ૨૦૦૩-૦૪ સી.પી.એફ. યુનિ.ફાળાનું વ્યાજ | | રૂ.૧૩૬૪૫૪૮/- |
| લેજર મુજબ મળવા પાત્ર વ્યાજ | કુલ. | રૂ. ૮૪૨૭૯૮૫/- |
| | | |
| સરકારશ્રીમાંથી પી.એલ.એ. એકાઉન્ટમાં મળેલ વ્યાજ | | રૂ. ૮૯૮૮૮૮૦/- |
| | વધુ મળેલ વ્યાજ | રૂ. ૫૬૦૮૯૫/- |

આમ યુનિ.ના જી.પી.એફ./સી.પી.એફ. હિસાબોમાં મળવાપાત્ર વ્યાજ કરતા સરકારશ્રીમાંથી રૂ. ૫૬૦૮૯૫/- નું વ્યાજ વધુ મળેલ છે તો આ બાબતે સ્પસ્ટતા થઈ આવવા વિનંતી છે.

પ્રા.વાં.નં. ૧૧૪ તા,૧૬/૧૨/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ છે. અને વધુ આપેલ વ્યાજ પરત કરવા અથવા આગાની વ્યાજમાં સરભર કરવામાં આવે છે. અને આ વધુ વ્યાજની રકમ જી.પી.એફ. ના પી.એલ.એ. એકાઉન્ટમાં જમા છે. તો આ વધુ વ્યાજ સરકારશ્રીમાં પરત કરી ઓડિટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

**ફકરા નં. ૬**

જી.પી.એફ ના નોમિનેશનમાં જણાએલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને- ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ જી.પી.એફ રેકર્ડની ચકાસણી દરમ્યાન સંસ્થાએ ભવિષ્યનિધિ નિયુકિત પત્રનું રજીસ્ટર નિભાવેલ ન હોવાથી રજૂ કરેલ નથી. તથા ભરાયેલ નિયુકિત પત્રના ફોર્મ્સ સક્ષમ અધિકારીની સહીથી પ્રમાણિત કરવામાં આવેલ નથી . તથા નીચે દર્શાવેલ એમ્પ્લોઈઝ નંબર સામે સરકારશ્રીના પ્રવર્તમાન ભવિષ્યનિધિના નિયમોનુસાર સામાન્ય રીતે કર્મચારીના કુટુંબના સભ્યોનું નિયુકિત પત્ર ભરવામાં આવે છે. અને જો કુટુંબ ધરાવતા ન હોય તો જ અન્ય વ્યકિતના નામે નોમિનેશન ભરી શકાય છે. અને કુટુંબ અસ્તિત્વમાં આવતા આવુ નોમિનેશન રદ થવા પાત્ર છે તેમ છતા નીચે જણાવેલ કિસ્સાઓમાં કર્મચારીએ તેના કુટુંબ ના સભ્યો નું નિયમોનુસાર નિયુકિત પત્ર ભરવામાં ન આવતા અન્ય સભ્યોના નામનું નિયુકિત ભર્યાનું ઓડિટના ધ્યાને આવેલ છે તો આ અંગે આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.

| અ.નં. | એમ્પ્લોઈઝ નં. | નિયુકિત કરેલ સભ્યોની વિગત |
|---|---|---|
| ૧ | ૬૩૮ | ભાઈનો દિકરો |
| ૨ | ૭૦૦ | ભાઈનો દિકરો |
| ૩ | ૧૦૪૩ | બહેનની દિકરી |
| ૪ | ૧૩૪૧ | ભાઈ |
| ૫ | ૧૩૯૫ | ભાઈનો દિકરો |
| ૬ | ૧૪૧૬ | ભાઈ |
| ૭ | ૧૪૭૮ | ભાઈ |

વધુમાં આવા કર્મચારીઓનું કુટુંબ પ્રાપ્ત થયેલ હોય તેવા સમયે આ નિયુકિત રદ કરી કુટુંબના સભ્યનું નોમિનેશન લીધેલ છે કે કેમ ? તેની ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં.નં. ૧૦૯ તા.૦૭/૧૨/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી. આ ફકરાની વિગત દરવર્ષે અન્વેષણ અહેવાલમાં લેવા માં આવે છે. તેમ છતા કોઈજ પૂર્તતા થતી નથી જેથી આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

**ફકરા નં. ૭**

જી.પી.એફ તથા સી.પી.એફ ના બંધ ખાતાની સિલક આગળ ખેંચવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને- ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજૂ કરેલ જી.પી.એફ રેકર્ડની ચકાસણી કરતા સામેલ પત્રકમાં દર્શાવેલ કર્મચારીના સી.પી.એફ. તથા જી.પી.એફ ના હિસાબો હિસાબી વર્ષ દરમ્યાન કોઈપણ પ્રકારની ખાતામાં લેવડદેવડ થયેલ ન હોવા છતા વ્યાજની ગણતરી વગર હિસાબો આગળ ખેંચવામાં આવેલ છે. સામાન્ય રીતે આવા બંધ ખાતાઓમાં કોઈપણ કર્મચારી નિવૃત થયેલ હોય અથવા રાજીનામું આપી છુટા થયેલ હોય અથવા અવસાન પામેલ હોય તો આવા ખાતાની સિલક રકમનું પ્રિ-ઓડિટ કરાવ્યા બાદ આખરી ચૂકવણી કરી તે ખાતાઓ બંધ કરવાના રહે છે. ગયા વર્ષના સને-૨૦૦૩-૦૪ના ઓડિટ વર્ષમાં સદરહુ બાબતે ઓડિટ વાંધો આપી સંસ્થાનું ધ્યાન દોરવામાં આવેલ હોવા છતા ગત વર્ષના વાંધામાં દર્શાવેલ કર્મચારીશ્રી એ.કે.યાદવ જી.પી.એફ. ખાતા નં. ૯૦૨ નું અવસાન થવાથી આખરી ચૂકવણું કરી ખાતું બંધ કરવામાં આવેલ છે. તે સિવાયના તમામ કર્મચારીના ખાતાઓ કોઈપણ પ્રકારની લેવડદેવડ વગર આગળ ખેંચવામાં આવેલ છે. આ વર્ષના ઓડિટમાં પરિશિષ્ટભર માં દર્શાવ્યા મુજબ સી.પી.એફ. ના -૬ અને જી.પી.એફ.ના-૨૫ એમ કુલ બંને મળીને ૩૧ ખાતા બંધ હાલતમાં આગળ ખેંચવામાં આવેલ છે તો સદરહું બંધ ખાતાઓના હિસાબો સત્વરે બંધ કરવા માટે યોગ્ય કાર્યવાહી કરવા ઓડિટ નોંધ આપવામાં આવે છે.

પ્રા.વાં.નં. ૧૦૫ તા.૦૫/૧૨/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ છે. અને જણાવે છે કે આ ખાતા બંધ કરવાની કાર્યવાહી ચાલુમાં હોઈ. ખાતા બંધ કરી ઓડિટ ને ખાત્રી કરાવવામાં આવશે.જેથી આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

# પરીશિષ્ટ - ૨ ફકરા નં. ૭

લાંબા સમયથી સામાન્ય ભવિષ્યનિધિ હેઠળ લેવડદેવડ વગરના બંધ હિસાબો આગળ ખેંચેલ છે તેની વિગત દર્શાવતું પત્રક :-

| અ.નં | કર્મચારીનું નામ | શાખા | ખાતા નં. | સિલકની રકમ |
|---|---|---|---|---|
| | | C.P.F | | |
| ૧ | શ્રી બી.એમ.ઠાકર | કોમર્સ ભવન | 542 | 266144.00 |
| ૨ | શ્રીમતિ એસ.એસ.કાર્ડિકર | શ્રમિક વિદ્યા કેન્દ્ર | 1258 | 28124.00 |
| ૩ | શ્રી વાય.એમ.શાહ | શ્રમિક વિદ્યા કેન્દ્ર | 1063 | 67773.00 |
| ૪ | શ્રી એ.એ.વ્યાસ | શ્રમિક વિદ્યા કેન્દ્ર | 1064 | 102406.00 |
| ૫ | શ્રી પી.બી.કડિયા | શ્રમિક વિદ્યા કેન્દ્ર | 783 | 101876.00 |
| ૬ | શ્રી એલ.પી.ગુપ્તા | શ્રમિક વિદ્યા કેન્દ્ર | 784 | 108581.00 |
| | | G.P.F | | |
| ૧ | શ્રી દિનેશ પટેલ | એકેડેમિક | 1433 | 7287.00 |
| ૨ | શ્રી ડી.એન.ચૌધરી | કાર્યાલય | 1118 | 83968.00 |
| ૩ | કુ.પી.આર.શાહ | પરીક્ષા | 889 | 2748.00 |
| ૪ | શ્રી જી.આર.ઠાકોર | એસ્ટેટ | 1015 | 1373.00 |
| ૫ | શ્રી વાય.એન.ગઢવી | કોમપ્યુટર | 1186 | 44155.00 |
| ૬ | શ્રી એસ..બી.ગજ્જર | કોમપ્યુટર | 1026 | 17565.00 |
| ૭ | શ્રી પી.એલ.ગજ્જર | કોમપ્યુટર | 779 | 4689.00 |
| ૮ | શ્રીમતિ જે.પી.સેન.ચૌધરી | કોમપ્યુટર | 856 | 9933.00 |
| ૯ | શ્રી જે.જે. મહેતા | કોમપ્યુટર | 751 | 2549.00 |
| ૧૦ | શ્રી રીશદ પ્રવેઝ | વિજ્ઞાન ભવન | 1305 | 111833.00 |
| ૧૧ | શ્રી ડી.સી.વાઘેલા | વિજ્ઞાન ભવન | 678 | 247.00 |
| ૧૨ | શ્રી જી.બી ડામોર | વિજ્ઞાન ભવન | 1081 | 11590.00 |
| ૧૩ | શ્રી એન.કે.વાકાણી | વિજ્ઞાન ભવન | 817 | 1391.00 |
| ૧૪ | શ્રી એમ.એચ.રાવલ | ગ્રંથાલય | 1358 | 33476.00 |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | શ્રી એ.એસ.રૂબીન | ગ્રંથાલય | 1069 | 15814.00 |
| ૧૬ | શ્રી એમ.આર. નાયક | ગ્રંથાલય | 1177 | 30477.00 |
| ૧૭ | શ્રી એમ.આઈ.શાહ | બી.કે.સ્કુલ | 1291 | 116773.00 |
| ૧૮ | શ્રી એમ.એમ.મહિડા | બી.કે.સ્કુલ | 885 | 58110.00 |
| ૧૯ | શ્રી કે.સી.પટેલ | બી.કે.સ્કુલ | 1202 | 107033.00 |
| ૨૦ | શ્રી આઈ.એન.શેખ | ઈ.એમ.આર.સી | 1023 | 5749.00 |
| ૨૧ | શ્રીમતિ ડીે.એ.પદમાવતી | વિજ્ઞાન ભવન | 1353 | 1236.00 |
| ૨૨ | શ્રી અમરેન્દ્ નારાયણ | વિજ્ઞાન ભવન | 1199 | 8805.00 |
| ૨૩ | શ્રી રશ્મિ છાબરા | વિજ્ઞાન ભવન | 1231 | 1580.00 |
| ૨૪ | શ્રી એમ.ગીતા રંગા | વિજ્ઞાન ભવન | 1089 | 1229.00 |
| ૨૫ | શ્રી ડી એસ.કે મૂર્થિ | વિજ્ઞાન ભવન | 1115 | 3378.00 |

## ફકરા નં. ૮

જી.પી.એફ લેજર તથા બ્રોડશીટમાં બંધ સિલક અલગ હોવા બાબત.

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને- ૨૦૦૪-૦૫ ના જનરલ પ્રો.-ફંડ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજૂ કરેલ પ્રો.-ફંડના રેકર્ડની ચકાસણી કરતા કર્મચારીના જી.પી.એફ લેજરમાં તથા જી.પી.એફ બ્રોડશીટમાં તા.૩૧/૦૩/૦૫ ના રોજની બંધ સિલકની રકમ અલગ હોવા અંગેની ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) લાઈબ્રેરી વિભાગમાં ફરજ બજાવતાં શ્રી બી.એન.સોલંકી એમ્પ્લોઈ નં ૬૭૭ જી.પી.એફ લેજરમાં તા.૩૧/૦૩/૦૫ ના રોજની બંધ સિલક રૂ.૪૨૬૫૦/- દર્શાવેલ છે. જયારે જી. પી. એફ. બ્રોડશીટમાં બંધસિલક રૂ.૩૮૬૫૦.૦૦ દર્શાવેલ છે.

(૨) સ્ટાફ એકેડમી વિભાગનાં ફરજ બજાવતાં શ્રી બી.કે.લેઉઆ, પટાવાળા એમ્પ્લોઈ નં ૧૪૧૧ જી.પી.એફ લેજરમાં તા.૩૧/૦૩/૦૫ રોજની બંધ સિલક રૂ. ૧૬૬૯૧/- દર્શાવેલ છે જયારે જી.પી.એફ બ્રોડશીટ માં બંધ સિલક રૂ. ૧૬૬૪૧/- દર્શાવેલ છે.

આમ બંને કર્મચારીના કિસ્સાના જી.પી.એફ લેજર તથા બ્રોડશીટમાં તા.૩૧/૦૩/૦૫ના રોજની બંધ સિલક અલગ અલગ હોઈ, યોગ્ય કાર્યવાહી કરી ઓડિટ ને ખાત્રી કરાવવાની રહેશે.

પ્રા.વાં.નં. ૯૯ નો સંસ્થાએ જવાબ કરેલ છે. પરંતુ પૂર્તતા ઓડિટ સમક્ષ રજુ કરેલ નથી.

## ફકરા નં. ૯

સામાન્ય ભવિષ્યનિધિ ખાતાની રકમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયનમાં જમા રાખવા બાબત

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને- ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજૂ કરેલ સામાન્ય ભવિષ્યનિધિના હિસાબોની ચકાસણી કરતા પાકા સરવૈયામાં લેણ બાજુ સ્ટટ બેંક ઓફ ઈન્ડિયામાં રૂ.૧૦૪૯૯.૩૩/- સિલક દર્શાવેલ છે સદરહું રકમ ૨૦૦૧-૦૨ થી વર્ષો વર્ષથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં જમાં રકમ તરીકે બાકી આગળ ખેંચાતી આવે છે.

સરકારશ્રીના નિયમોનુંસાર આ રકમ તિજોરી ખાતે પી.એલ.એ.માં જમાં કરાવવાની રહે છે. તેમ છતા કયા કારણસર અલગ બેક ખાતુ રાખી રકમ જમા રાખવામાં આવે છે. તે અંગેની ઓડિટને સ્પષ્ટતા થવી ઘટે.આગાઉના વર્ષના ઓડિટનું ધ્યાન દોરવામાં આવેલ હોવા છતાં કોઈ ઘટિત પગલા લેવામાં આવેલ નથી.જે અંગે કાર્યવાહી કરી ઓડિટને ખાત્રી કરાવવાની રહે.

પ્રા.વાં.નં. ૯૭ તા,૨૭/૧૧/૦૯ નો સંસ્થા એ જવાબ કરેલ છે. પરંતુ આ રકમ હજુ ઓડિટની તારીખ સુધીમાં સ્ટેટ બેંકના અલગ ખાતામાં જમા છે. જેથી સંસ્થાનો જવાબ માન્ય રાખી ન શકાય. આ રકમ બેંકમાંથી ઉપાડી પી. એલ. એ. માં જમા ન કરાવવામાં આવે ત્યાં સુધી આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

**ફકરા નં. ૧૦**

કર્મચારી ના અલગ નામે જી.પી.એફ.લોનનો ચેક ઈસ્યુ કરવા બાબત.

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને- ૨૦૦૪-૦૫ ના જનરલ પ્રો. ફંડના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજૂ કરેલપ્રો-ફંડના રેકર્ડની ચકાસણી કરતાં જનરલ પ્રો-ફંડ લેજર તથા બ્રોડશીટમાં દર્શાવેલ કર્મચારીના નામને બદલે અલગ નામથી જી.પી.એફ લોનનો ચેક ઈસ્યુ થયેલ હોઈ નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) સમાજ ભવનમાં લેકચર તરીકે ફરજ બજાવતાં શ્રી જી. ટી. જાની નો જી. પી. એફ. લોન રૂ. ૧,૦૦,૦૦૦.૦૦ નો ચેક નં. ૬૨૦૦૯૯ તા.૧૭-૫-૦૪ શ્રી જી. કે. જાનીના નામે ઇસ્યુ થયેલ છે.

(૨) યુનિ. ગ્રંથાલયમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી જે.એન. ગવલી નો જી.પી.એફ લોનનો ચેક રૂ.૧૬૦૦૦.૦૦ ચેક નં. ૬૨૨૭૩૦ તા.૦૭/૦૭/૦૪ થી શ્રી જે.એમ.ગવલીના નામે ઈસ્યુ થયેલ છે.

આમ જી.પી.એફ લોનના ચેક કર્મચારીના અલગ નામે ઈસ્યુ કરવા બાબતે સ્પષ્ટતા તેમજ આધાર સહ ઓડિટને ખાત્રી કરાવવાની રહેશે.

પ્રા.વાં.નં. ૯૮તા.૨૭/૧૧/૦૯ નો સસ્થા એ જવાબ કરેલ છે. પરંતુ અલગ ખાતામાં જમાં છે જેથી સંસ્થાનો જવાબ માન્ય રાખી ન શકાય. આ રકમ બેંક માંથી ઉપાડી પી.એલ.એ. માં જમા ન કરાવવામાં આવે ત્યાં સુધી આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

## ફકરા નં. ૧૧

લેજર અને બ્રોડશીટ નિભાવવા અચિમિતતા બાબત

(૧) ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને- ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન જી.પી.એફના હિસાબોની ચકાસણી કરતા આ શાખામાં જી.પી.એફ.ના લેજર અને બ્રોડશીટ માં કચેરીના વિભાગો મુજબ અલગ અલગ વિભાગો માં લેજર અને બ્રોડશીટ નિભાવવામાં આવે છે. જી.પી.એફ.ના બચત દારોના ખાતા નંબર,કર્મચારીના એમ્પ્લોઈ નંબર મુજબ લેજર / બ્રોડશીટ નિભાવેલ છે કર્મચારી કચેરીના વિવિધ વિભાગોમાં બદલી પાત્ર હોવાથી એક બીજા વિભાગમાં બદલાતા જે તે શાખામાં અનિયમિત અનુંક્રમ નંબરના ખાતાઓ જોવા મળેલ છે.જેથી માસિક કપાત કરવામાં આવતા પત્રક ની રકમ જે તે લેજરમાં જોવામાં ઘણીજ તકલીફ પડે છે.તો કચેરી એ પોતાના જી.પી.એફ ની બ્રોડશીટ અને બજેટ ખાતાઓના ક્રમ નંબરવાર આવે તેવી રીતે નિભાવવા ઓડિટનું સુચન છે જેથી હિસાબો નિભાવવામાં અને ઓડિટ કરવામાં સુગમતા રહે.

(૨) શ્રી ડી.આર.રોબાટ ખાતા નં.૧૧૫૯ જે એકેડેમીક વિભાગમાં ફરજ બજાવતા હતા અને તેઓ ની બદલી યુનિવર્સીટીના પ્રેસ વિભાગમાં બદલી થતા તેમનો એકાઉન્ટ બંધ કરી આખરી ચૂકવણા તરીકે ગણી તબદીલ થયેલ છે આમ, યુનિવર્સીટી ના અને પ્રેસના જી.પી.એફ ના હિસાબો અલગ રહેતા હોવાથી આ પ્રથા અમલી બનાવેલ છે. પરંતુ બન્ને હિસાબોની સિલક એકજ પી.એલ.એ માં રહેતી હોઈ આમ એક એકાઉન્ટ બંધ કરી પ્રેસમાં નવો એકાઉન્ટ ખોલી જમાં લેવાની પ્રથા અતાર્કીક છે તો યુનિવર્સીટી અને પ્રેસના જી.પી.એફ અને સી.પી.એફના હિસાબો અલગ અલગ ન નિભાવતા સંયુકત નિભાવવા વિનંતી છે જેથી કર્મચારી ના બદલી પ્રસંગે આ હિસાબો બંધ કરવા અને નવો હિસાબ ખોલવાની પ્રક્રિયા નિવારી શકાય.

પ્રા.વાં.નં. ૧૧૦ તા,૦૭/૧૧/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ છે. પરંતુ નિયત નમુના માં આ લેજર નિભાવવાનું શરૂ કરેલ ન હોઈ આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

**ફકરા નં. ૧૨**

કેશબુક તથા ટ્રેઝરી પાસબુકની જી. પી. એફ. સિલકના તફાવત બાબત.

---

આ સંસ્થાના સને ૨૦૦૪-૦૫ ના વર્ષના ઓડિટ દરમ્યાન સંસ્થાના કેશબુકમાં જી. પી. એફ. ની તા.૩૧-૩-૦૫ ના રોજની બંધ સિલક રકમ રૂ. ૧૨,૦૯,૧૨,૪૯૬.૮૯ દર્શાવેલ છે. જયારે ટ્રેઝરી સ્ટેટમેન્ટ મુજબ બંધ સિલકની રકમ રૂ. ૧૧,૫૯,૪૪,૮૮૨.૦૫ દર્શાવવામાં આવેલ છે. આમ, સંસ્થાની કેશબુક તથા ટ્રેઝરી પાસબુકની જી. પી. એફ. બંધ સિલકના તફાવત રૂ. ૪૯,૬૭,૬૧૪.૮૪ બાબતે ઓડિટને આધાર સહ સ્પષ્ટતા કરવી. તથા જી. પી. એફ. હિસાબનું મેળવણું કરી ઓડિટને આધારીત ખાત્રી કરાવવી. તેમજ વાર્ષિક હિસાબના પત્રક - ૧ મુજબ બંધ સિલક રૂ. ૧૩,૪૮,૨૩,૩૩૩.૫૨ રહે છે. જેમાં પણ ટ્રેઝરી કેશબુક સિલક સાથે રહેતા તફાવત બાબતે સ્પષ્ટતા કરવી ઘટે.

## પ્રમાણ પત્રો

ફકરા નં.૧૩ વાર્ષિક હિસાબોની કસોટી રૂપ ચકાસણી યુનિવર્સીટી એ નિભાવેલ સામાન્ય ખાતાવહી અનામતો અને ઉપલક રકમોની નોંધ, પ્રમાણ પત્રો તેમજ બીજા રાખેલ નોંધ પત્રકો કે જે ઓડિટ દરમ્યાન રજૂ કરવામાં આવેલ હતા તેની સાથે તપાસ કરતા આ અન્વેષણ અહેવાલમાં લેવામાં આવેલ વાંધા ફકરાઓ ને આધિન રહી ને સાચા હોવાનું જણાયેલ છે.

ફકરા નં.૧૪ આથી જણાવવામાં આવે છે કે પ્રોવિડંડ ફંડના હિસાબોની નિભાવણી સંતોષકારક નથી આ મહત્વના નાણાંકીય હિસાબોની નિભામણી પ્રત્યે યોગ્ય લક્ષ આપવામાં આવતું નથી જે સ્થિતી તાકીદે સુધારો માંગે છે.

ફકરા નં.૧૫ આ ઓડિટ અહેવાલ મળ્યા તારીખથી ૪ માસમાં તેની પૂર્તતા કરી જવાબો તૈયાર કરી ને મોકલી આપવા વિનંતી છે.

ફકરા નં.૧૬ સામાન્ય વાંધાઓનું પત્રક નિભાવેલ નથી હિસાબોને લગતા પત્રક નં. ૧ થે ૫ આ સાથે સામેલ આખવામાં આવેલ છે.

જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
અમદાવાદ.

સહી/-
નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ,
ગુજરાત રાજય,અમદાવાદ.

(અસલ પર નિરીક્ષકશ્રીની સહી છે.)

નકલ સવિનય રવાન :-

(૧) સચિવશ્રી શિક્ષણ વિભાગ, સચિવાલય ગુજરાત રાજય, ગાંધીનગર.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ગુજરાત રાજય, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(3) નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ વીમા અને લેખા ભવન,બ્લોક-૧૭ ડો.જીવરાજ મહેતા ભવન સેકટર-૧૦/બી ગાંધીનગર.

:: પત્રક - ૧ ::

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને ૨૦૦૪-૦૫

---

વાર્ષિક હિસાબોની તારીજ

---

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના ભવિષ્ય નિધિના ૨૦૦૪-૦૫ વર્ષની વાર્ષિક હિસાબોની તારીજ.

ઉઘડતી સિલક :- રૂ. ૧૨૦૪૭૭૫૯૭=૭૮/-

**આવક :-**

(૧) વર્ષ દરમ્યાન આવેલ ફાળાની કુલ રકમ રૂ. ૧૧૦૨૦૦૬૫/-

(૨) પેશગીની વસુલાતની કુલ રકમ રૂ. –

(૩) અન્ય આવક રૂ. ૧૭૩૪૬૨૮૦=૭૪

કુલ રૂ. ૧૪૮૮૪૩૯૪૩=૫૨

**ખર્ચ :-**

(૧) વર્ષ દરમ્યાન આપેલ હંગામી પેશગીની

કુલ રકમ રૂ. ૧૪૦૨૦૬૧૦.૦૦

(૨) વર્ષ દરમ્યાન એશત અને આખરી ઉપાડની રકમ રૂ. --

(૩) અન્ય ખર્ચ રૂ. --

બંધ સિલક રૂ. ૧૩,૪૮,૨૩,૩૩૩=૫૨

**નોંધ** :- યુનિવર્સીટી બરા બ્રોડશીટ માં લોન એકાઉન્ટ અલગ અલગ રાખી લોન એકાઉન્ટમાંજ કપાતો જમા કરાવવામાં આવતી હોઈ લોન ખાતાની બંધ સિલક રૂ. ૩૬૪૧૪૬૪.૦૦ બાદ કરવામાં આવેલ છે જેથી પેશગી વસુલાતની રકમ જુદી દર્શાવવામાં આવેલ નથી.

:: પત્રક -૨ ::

## . વાર્ષિક હિસાબનું સરવૈયું

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ ના ભવિષ્ય નિધિના હિસાબોનુ. તા.૩૧-૩-૦૫ ના રો જનું વાર્ષિક સરવૈયુ

| જવાબદારીઓ | | | અસ્કયામત | | |
|---|---|---|---|---|---|
| ૧ | આખીયા કાગળ (બ્રોડશીટ) મુજબ બચતદારોના નામે જમા રહેતી રકમ રૂપિયા | 12,08,49,911.94 | ૧ | રોકાણો | |
| ૨ | ઉપલક હિસાબ. રૂપિયા | 62,584.95 | ૨ | સરકારશ્રીમાંથી મેળવવાની વ્યાજની બાકી રકમ રૂપિયા | 49,57,115.51 |
| | | | ૩ | તા.૩૧/૦૩/૦૫ ના રોજની બંધ સિલક રૂપિયા | 0 |
| | | | અ | હાથ ઉપરની સિલક રૂપિયા | 0 |
| | | | બ | બેંક માં સિલક રૂપિયા | 10,499.33 |
| | | | ક | સરકારી તિજોરીમાં ડિપોઝીટ તરીકે રહેલ સિલક રૂપિયા | 11,59,44,882.05 |
| | | | ૪ | ઉપલક સિલક રૂપિયા | 0 |
| | કુલ સરવાળો | 12,09,12,496.89 | | કુલ સરવાળો | 12,09,12,496.89 |

:: પત્રક-૩ ::

સંસ્થાનું નામ :- ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ

ઓડિટ વર્ષ :- ૨૦૦૪-૦૫

વર્ષ દરમ્યાન સરકારી તિજોરીમાં જમાં કરાવવામાં આવેલ રોકાણોની તારીજ અંગેનું પત્રક

| અ. નં | રોકાણો ની વિગત / બેંકનુ નામ અન્ય સ્થળે | રોકાણની રકમ (સર્ટિફીકેટ દીઠ) | રોકાણ કર્યા તારીખ. | રોકાણ પાકયા તારીખ. | રોકાણ વટાવ્યા તારીખ. | રોકાણની મુળ રકમ જે ૮૩૩૬ સદરે જમા કરાવેલ તે | રોકાણના વ્યાની રકમ ૦૪૯ સદરે જમા કરાવી તે | રોકાણ જમા કરાવ્યા તારીખ. | વિલંબથી જમા કરાવેલ રોકાણનો સમય. | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ------------------શુન્ય------------------ | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

:: પત્રક- ૪ ::

સંસ્થાનું નામ :- ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ

ઓડિટ વર્ષ :- ૨૦૦૪-૦૫

વણ વટાયેલ રોકાણોની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં | રોકાણો ની વિગત / બેંકનુ નામ અન્ય સ્થળે | રોકાણની રકમ (સર્ટિફીકેટ દીઠ) | રોકાણ કર્યા તારીખ. | રોકાણ પાકયા તારીખ. | પકતી તારીખે બળવા પાત્ર રકમ. | નોંધ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ---------------શુન્ય--------------- | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના કર્મચારીઓના પગારમાંથી કપાત કરેલ રકમો અને તેમાંથી સરકારશ્રીમાં જમા કરાવેલ વિગત દર્શાવતું પત્રક

ઓડિટ વર્ષ :- ૨૦૦૪-૦૫

| અ. નં | પગારનો માસ તથા અન્ય ચૂકવણાના માસની વિગતો. | પગાર તથા અન્ય ચૂકવ્યાની તારીખ. | કપાત કરેલ પ્રો.-ફંડની રકમ લોન એરીયર્સની રકમ. | કપાત થયેલ કુલ રકમો પૈકી સરકારશ્રી માં જમા કરાવેલ રકમો. | સરકારશ્રીમાં જમાં કરાવ્યા તારીખો. | સરકારશ્રીમાં જમાં કરાવવાની બાકી રહેતી રકમ. | જમા કરાવવાની બાકી રહેતી રકમોની વિગત. | | ઓડિટની તારીખ જમા કરાવવાની બાકી રકમ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | રકમ | તારીખ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | માર્ચ - ૦૪ | ૨-૪-૦૪ | ૯,૦૧,૨૮૩ | ૯,૦૧,૨૮૩ | ૧૩-૪-૦૪ | - | - | - | - |
| ૨ | !! | ૭-૪-૦૪ | ૧૩૧૬૮ | ૧૩૧૬૮ | ૨૨-૪-૦૪ | - | - | - | - |
| ૩ | એપ્રિલ - ૦૪ | ૧-૫-૦૪ | ૯,૦૨,૭૯૮ | ૯,૦૨,૭૯૮ | ૧૨-૫-૦૪ | - | - | - | - |
| ૪ | !! | ૭-૫-૦૪ | ૨૦,૩૪૮ | ૨૦,૩૪૮ | ૨૦-૫-૦૪ | - | - | - | - |
| ૫ | મે - ૦૪ | ૧-૬-૦૪ | ૮,૮૬,૮૮૧ | ૮,૮૬,૮૮૧ | ૧૫-૬-૦૪ | - | - | - | - |
| ૬ | !! | ૭-૬-૦૪ | ૧૫,૬૭૫ | ૧૫,૬૭૫ | ૧૬-૬-૦૪ | - | - | - | - |
| ૭ | જુન -૦૪ | ૧-૭-૦૪ | ૯,૧૬,૧૦૩ | ૯,૧૬,૧૦૩ | ૧૦-૭-૦૪ | - | - | - | - |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | !! | ૭-૭-૦૪ | ૧૪,૯૪૨ | ૧૪,૯૪૨ | ૨૦-૭-૦૪ | - | - | - | - |
| ૯ | જુલાઇ-૦૪ | ૧-૮-૦૪ | ૯,૩૩,૫૨૩ | ૯,૩૩,૫૨૩ | ૮-૮-૦૪ | - | - | - | - |
| ૧૦ | !! | ૭-૮-૦૪ | ૧૪,૦૯૪ | ૧૪,૦૯૪ | ૧૧-૮-૦૪ | - | - | - | - |
| ૧૧ | ઓગસ્ટ - ૦૪ | ૧-૯-૦૪ | ૯,૩૦,૬૮૭ | ૯,૩૦,૬૮૭ | ૧૩-૯-૦૪ | - | - | - | - |
| ૧૨ | !! | ૭-૯-૦૪ | ૧૪,૭૦૭ | ૧૪,૭૦૭ | ૨૦-૯-૦૪ | - | - | - | - |
| ૧૩ | સપ્ટે. - ૦૪ | ૧-૧૦-૦૪ | ૯,૨૫,૩૭૧ | ૯,૨૫,૩૭૧ | ૯-૧૦-૦૪ | - | - | - | - |
| ૧૪ | !! | ૭-૧૦-૦૪ | ૧૪,૭૧૫ | ૧૪,૭૧૫ | ૧૪-૧૦-૦૪ | - | - | - | - |
| ૧૫ | ઓકટો - ૦૪ | ૧-૧૧-૦૪ | ૯,૪૫,૧૭૭ | ૯,૪૫,૧૭૭ | ૧૧-૧૧-૦૪ | - | - | - | - |
| ૧૬ | !! | ૭-૧૧-૦૪ | ૧૪,૭૩૧ | ૧૪,૭૩૧ | ૮-૧૧-૦૪ | - | - | - | - |
| ૧૭ | નવે. -૦૪ | ૧-૧૨-૦૪ | ૯,૩૮,૬૮૭ | ૯,૩૮,૬૮૭ | ૯-૧૧-૦૪ | - | - | - | - |
| ૧૮ | !! | ૭-૧૨-૦૪ | ૧૫,૮૩૫ | ૧૫,૮૩૫ | ૯-૧૧-૦૪ | - | - | - | - |
| ૧૯ | ડીસે. - ૦૪ | ૧-૧-૦૫ | ૯,૪૭,૬૧૪ | ૯,૪૭,૬૧૪ | ૧૦-૧-૦૫ | - | - | - | - |
| ૨૦ | !! | ૭-૧-૦૫ | ૧૪,૭૬૪ | ૧૪,૭૬૪ | ૧૭-૧-૦૫ | - | - | - | - |
| ૨૧ | જાન્યુ - ૦૫ | ૧-૨-૦૫ | ૯,૧૯,૩૭૧ | ૯,૧૯,૩૭૧ | ૯-૨-૦૫ | - | - | - | - |
| ૨૨ | !! | ૭-૨-૦૫ | ૧૪,૭૧૫ | ૧૪,૭૧૫ | ૯-૨-૦૫ | - | - | - | - |
| ૨૩ | ફેબ્રુ - ૦૫ | ૧-૩-૦૫ | ૯.૨૧,૧૮૭ | ૯,૨૧,૧૮૭ | ૧૦-૩-૦૫ | - | - | - | - |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪ | !! | ૭-૩-૦૫ | ૧૬,૩૭૪ | ૧૬,૩૭૪ | ૧૪-૩-૦૫ | - | - | - | - |
| ૨૫ | !! | ૧૦-૩-૦૫ | ૧૪,૭૬૪ | ૧૪,૭૬૪ | ૩૧-૩-૦૫ | - | - | - | - |
| કુલ | | | ૧,૧૨,૬૭,૫૧૪ | ૧,૧૨,૬૭,૫૧૪ | - | - | - | - | - |